પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૨૫ | ૫ ફેબ્રુઆરી, ૨૦૧૮, સોમવાર ; મહા વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## આફ્રિકા સામે ભારતનો ભવ્ય વિજય

**યુજવેન્દ્રએ તરખાટ મચાવીને ૨૨ રનમાં પાંચ વિકેટ ઝડપી : આફ્રિકન ટીમ ૩૨.૨ ઓવરમાં ૧૧૮ રન કરીને ઓલઆઉટ : આફ્રિકાનો ઘરઆંગણે સૌથી ઓછો સ્કોર**




સેન્ચુરિયન,તા. ૪

સેન્ચુરિયન ખાતે આજે રમાયેલી બીજી વનડે મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને કચડી નાંખીને શાનદાર જીત મેળવી હતી. આફ્રિકાની ટીમ ભારતીય બોલરો સામે ટકી શકી ન હતી અને ૩૨.૨ ઓવરમાં જ માત્ર ૧૧૮ રનમાં પેવેલિયન ભેગી થઇ હતી. જવાબમાં ભારતીય ટીમે જોરદાર બેટિંગ કરીને ૨૦.૩ ઓવરમાં જ ચેમ્પિયનની જેમ બેટિંગ કરતા એક વિકેટે ૧૧૯ રન બનાવીને મેચ જીતી લીધી હતી. શિખર ધવન ૫૬ બોલમાં નવ ચોગ્ગા સાથે ૫૧ રન બનાવીને અણનમ રહ્યો હતો જ્યારે વિરાટ કોહલી ૫૦ બોલમાં ૪૬ રન બનાવીને અણનમ રહ્યો હતો. પ્રથમ વિકેટ ભારતે ૨૬ રને ગુમાવી દીધી બાદ બીજી કોઈ વિકેટ પડી ન હતી. મેન ઓફ દ મેચ તરીકે યુજવેન્દ્ર ચહેલની પસંદગી કરવામાં આવી હતી. ચહેલે તરખાટ મચાવીને ૨૨ રનમાં પાંચ વિકેટ ઝડપી હતી. કુલદીપે ૨૦ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. વિકેટની દ્રષ્ટિએ દક્ષિણ આફ્રિકાની સામે ભારતની આ સૌથી મોટી જીત હતી. ભારતે શ્રેણીમાં ૨-૦ની લીડ

● અનુસંધાન પાન-૭ પર

## ખેડૂતો માટે ૫૦૦ કરોડની નવી યોજના ઘડાઈ રહી છે

**માર્કેટ એસ્યોરન્સ સ્કીમને લઇને અંતિમ તૈયારી લઘુત્તમ સમર્થન મૂલ્ય કરતા કિંમતો નીચી જશે તો રાજ્યો પાકની ખરીદી નવી સ્કીમ હેઠળ કરશે**

નવીદિલ્હી, તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટુંક સમયમાં જ માર્કેટ અસ્યોરન્સ સ્કીમ ૫૦૦ કરોડના કોર્પસ ફંડની સાથે લોંચ કરવાની યોજના ધરાવે છે. આ સ્કીમ હેઠળ જો કિંમતો લઘુતમ સમર્તન મુલ્ય હેઠળ નીચે જશે તો રાજ્યો પાક મેળવી લેશે. સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે સુચિત સ્કીમ હેઠળ પ્રાપ્તિ વધારે મજબુત થનાર છે. માર્કેટમાં પ્રતિકુળ સંજોગો ઉભા થવાની સ્થિતીમાં ખેડુતોને આના કારણે રક્ષણ મળશે. સુત્રોએ કહ્યુ છે કે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની સાથે વાતચીત કરીને કેન્દ્રિય કૃષિ મંત્રાલય દ્વારા કોન્સેપ્ટ પેપર તૈયાર કરવામાં આવ્યા બાદ આ દિશામાં સરકાર આગળ વધી રહી છે. દરખાસ્ત મુજબ એમએસપી મેળવી લેવાના નિર્ણય સહિત માર્કેટ એસ્યોરન્સ સ્કીમની માલિકી રાજ્યો પર આધારિત રહેશે. જો કિંમતો ઘટી જશે તો ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા નિર્ણય મુજબ સરકાર દ્વારા પાકની ખરીદી કરવામાં આવનાર છે.રાજ્યોની સાથે નાણાંકીય

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### કોંગ્રેસ-એનસીપીની કાલે બેઠક

આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપને મજબૂત ટક્કર આપવા કોંગ્રેસ અને એનસીપીની બેઠક આવતીકાલે યોજાશે.

### ફેસબુક પર ૨૦૦ મીલીયન ફેક એકાઉન્ટ

સોશીયલ નેટવર્કિંગ સાઈટ ફેસબુક પર સમગ્ર વિશ્વભરમાં ૨૦૦ મીલીયન ફેક એકાઉન્ટ હોવાની માહિતી સામે આવી છે.

### કુપવાડામાં સેનાનુ સર્ચ ઓપરેશન

બે આતંકવાદીઓ છુપાયા હોવાની આશંકાને પગલે કુપવાડામાં સેનાએ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ. બાતમીના આધારે સર્ચ ઓપરેશન હાથ ધરાયુ હતુ.

### આ વર્ષે અંતરિક્ષગમન કરશે ભારતનું ચંદ્રયાન-૨

ચંદ્ર પર જવા માટે ભારતના બીજા અને પ્રતિષ્ઠિત ચંદ્રયાન-૨ મિશન માટે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) સંપૂર્ણપણે સજ્જ થઈ ગયું છે.

### માલદિવમાં રાષ્ટ્રપતિના રાજીનામાની માગ

માલદીવના રાષ્ટ્રપતિ અબ્દુલા યામીનના રાજીનામાંની માગ સાથે લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું છે. આ માગ માલદીવની સુપ્રીમ કોર્ટમા એક આદેશ બાદ ઉઠી છે.

## એનડીએ સાથે ટીડીપી છેડો નહીં ફાડે : ટીડીપીની બેઠકમાં નિર્ણય

નવીદિલ્હી, તા. ૪

એનડીએમાં ભંગાણ પડવાને લઈને સંકટ ટળી ગયું છે. અમરાવતીમાં આજે ટીડીપીની બેઠક યોજાઈ હતી. જો કે, આ બેઠકમાં ધારણા પ્રમાણે કોઈ નિર્ણય લેવાયા ન હતા. ભાજપ સાથે તીવ્ર મતભેદ હોવા છતાં ભાજપ સાથે છેડો ફાડવાનો ટીડીપીએ ઈન્કાર કરી દીધો છે. ભાજપ અને ટીડીપી ગઠબંધન ઉપરનું સંકટ હવે ટળી ગયું છે. બેઠક બાદ મિડિયામાં ચાલી રહેલી અટકળો ઉપર પૂર્ણ વિરામ મુકાવતા કેન્દ્રીય મંત્રી વાયએસ ચૌધરીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી ચંદ્રબાબૂ નાયડૂની શિવસેના અથવા તો અમિત શાહ સાથે કોઈ વાતચીત થઈ નથી. અગાઉ એવી અટકળો આવી હતી કે, અમિત શાહની દરમિયાનગીરી બાદ ગઠબંધન પરનું સંકટ ટળી ગયું હતું. કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે, બેઠકમાં બજેટ અને બજેટમાં આંધ્રપ્રદેશની અવગણનાના મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, આંધ્રપ્રદેશના વિકાસને લઈને દબાણ જારી રાખવામાં આવશે.

**કેન્દ્રની સાથે બજેટ, અન્ય મુદ્દે મતભેદ રહેશે પરંતુ છેડો નહીં ફાડે**

● અનુસંધાન પાન-૭ પર

## સેનાના આધુનિકીકરણ માટે બજેટમાં ઓછી ફાળવણી

**આધુનિકીકરણ અને ઇન્ફ્રા માંગ માટે વધુ ફંડ જરૂરી : ચીન-પાકિસ્તાન દ્વારા ઉભા કરવામાં આવેલ પડકાર વચ્ચે સંરક્ષણ બજેટમાં ૭.૮૧ ટકાનો નાનો વધારો યોગ્ય નથી**

નવીદિલ્હી, તા. ૪

બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસના કાર્યક્રમો અને સેનાના આધુનિકીકરણ માટે વધારે જોગવાઈ કરવામાં આવી હોવા છતાં નિષ્ણાતોના કહેવા મુજબ ડિફેન્સ બજેટ આધુનિકીકરણ અને ઈન્ફ્રા માંગને પહોંચી વળવામાં સફળ રહેશે નહીં. ચીન અને પાકિસ્તાન તરફથી ઉભા કરવામાં આવી રહેલા લશ્કરી ખતરાને પહોંચી વળવા માટે વધારે પ્રમાણમાં બજેટની જરૂરી હોવાનો મત સંરક્ષણ નિષ્ણાતો વ્યક્ત કરી રહયા છે. સેનાની તૈયારીઓને વધુ ઝડપી અને આક્રમક બનાવવા માટે વધારે પ્રમાણમાં ફાળવણીની જરૂર દેખાઈ રહી છે. નિષ્ણાતોનું કહેવું છે કે, બજેટ ફાળવણી પૈકીની ચોક્કસ રકમ ઓપરેશન જરૂરીયાતોને પહોંચી વળવા અને ભાવિ જરૂરિયાતોને ધ્યાનમાં લઈને જાળવી રાખવાની જરૂર છે. યુદ્ધના સમયમાં આ પ્રકારની બાબત શક્ય રહેતી નથી. હાલમાં જ રજૂ કરવામાં આવેલા બજેટમાં ગયા વર્ષની સરખામણીમાં ફાળવણીમાં ૭.૮૧ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. ૨૦૧૮-૧૯ માટેના સંરક્ષણ બજેટમાં આંકડો ૨.૯૫ લાખ કરોડનો રહ્યો છે જે

● અનુસંધાન પાન-૭ પર

## નાગા કરાર મામલે રાહુલના નરેન્દ્ર મોદી પર તીવ્ર પ્રહારો

**સમજૂતિના અસ્તિત્વ સામે પ્રશ્નો ઉઠાવ્યા : નાગાલેન્ડમાં ચૂંટણી યોજાનાર છે ત્યારે અનેક સંગઠનો દ્વારા બહિષ્કાર મોદીની વાતોનો કોઇ મતલબ હોતો નથી : રાહુલ**

નવીદિલ્હી, તા. ૪

કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીએ નાગા શાંતિ સમજૂતિના બહાને આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી દેશના એવા પહેલા વડાપ્રધાન છે જેમની વાતોનો કોઈ મતલબ રહેતો નથી. રાહુલે ટ્વિટર પર આજે કહ્યું હતું કે, નાગા સમજૂતિને લઈને તમામ લોકો પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષે ટ્વિટ કરીને કહ્યું હતું કે, ઓગસ્ટ ૨૦૧૫માં મોદીએ નાગા સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરીને ઈતિહાસ રચવામાં આવ્યો હોવાનો દાવો કર્યો હતો. ફેબ્રુઆરી ૨૦૧૮માં પણ નાગા સમજૂતિ કોઈ જગ્યાએ અસ્તિત્વમાં દેખાતી નથી. મોદી એવા પહેલા ભારતીય વડાપ્રધાન છે તેમની વાતોનો કોઈ અર્થ રહેતો નથી. ઓગસ્ટ ૨૦૧૫માં કેન્દ્ર સરકારે નાગા અલગતાવાદી સંગઠન નેશનલ સોશિયાલિસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલેન્ડની સાથે શાંતિ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કર્યા હતા.



ચૂંટણીનું રણશીંગુ - કર્ણાટક ચૂંટણી માટે કાઉન્ટ - ડાઉન આરંભાયું છે ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આગવી લાક્ષણિકતામાં ચૂંટણીનું રણશીંગુ ફુંક્યું હતું. એન.ડી.એ. સરકારની સાડા ત્રણ વર્ષની સિદ્ધિઓ અને કર્ણાટકમાં કોંગ્રેસ સરકારની નિષ્ફળતાઓનું વિગતવાર વિવેચન કરી આગામી દિવસોમાં ભાજપની સરકાર રચવા આહ્વાન કર્યું હતું....

## શેરબજારમાં હાલ મંદીના સંકેત

**કારોબારી સાવધાન થયા : બજેટમાં લોંગ ટર્મ કેપિટલ ગેઇનની ફરી વખત શરૂઆત કરવામાં આવ્યા બાદ અને અન્ય પરિબળ વચ્ચે ઉદાસીનતા રહેશે**

મુંબઈ, તા. ૪

શેરબજારમાં આવતીકાલથી શરૂ થતા નવા કારોબારી સત્ર દરમિયાન ભારે અફડાતફડી રહી શકે છે. શેરબજારમાં ઘટાડાની દહેશત વચ્ચે હાલમાં રોકાણકારો સાવધાન રહે તેવી શક્યતા છે. દલાલ સ્ટ્રીટના રોકાણકારો બ્લેક ફ્રાઈડેને ભુલી જઈને સાવચેતીપૂર્વક કારોબાર કરવા ઈચ્છુક દેખાઈ રહ્યા છે. બીજી બાજુ કેટલાક નવા પરિબળો પણ દેખાઈ રહ્યા છે. જેમાં આરબીઆઈ પોલીસીનો સમાવેશ થાય છે. વૈશ્વિક બજારમાં પ્રતિકુળ સંજોગોની અસર પણ જોવા મળી રહી છે. શુક્રવારના દિસે ઈક્વિટી બેન્ચમાર્ક સેંસેક્સ અને નિફ્ટીમાં બે ટકાથી વધુનો કડાકો બોલાવ્યો હતો. આરબીઆઈ પોલીસી સમીક્ષાની બેઠક છઠ્ઠી ફેબ્રુઆરીના દિવસે શરૂ થઈ રહી છે. જે બે દિવસ સુધી ચાલનાર છે. સાતમી ફેબ્રુઆરીના દિવસે પોલીસી

● અનુસંધાન પાન-૭ પર

## લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સની દરખાસ્તને પરત ખેંચવા ઈન્કાર

નવીદિલ્હી, તા. ૪

નાણામંત્રી અરુણ જેટલી અને કેન્દ્ર સરકારના અન્ય સંબંધિત વિભાગના વડાઓએ લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ પર દરખાસ્તમાં ફેરવિચારણા કરવાનો સાફ ઈન્કાર કરી દીધો છે. લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સના કારણે શેરબજારમાં હાલમાં ભારે હોબાળો મચી ગયો હતો. શેરબજારમાં ભારે અફડાતફડી જોવા મળી હતી. વરિષ્ઠ સરકારી અધિકારીઓએ કહ્યું છે કે, એલટીસીજી ટેક્સના સંદર્ભમાં ફેર વિચારણા કરવાનો કોઈ પ્રશ્ન નથી. શેર અને ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ ઉપર લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ લાગૂ કરવાની બજેટમાં રજૂ કરવામાં આવેલી દરખાસ્ત ઉપર ફેર વિચારણા કરવા માંગણી ઉઠી રહી છે ત્યારે આ સંદર્ભમાં ધ્યાન આપવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો છે. અધિકારીઓનું કહેવું ચે કે, મિડલ ક્લાસ માટે ટેક્સ છુટછાટોના પરિણામ સ્વરુપે તિજોરી ઉપર બિનજરૂરી ખર્ચ પણ વધશે પરંતુ આ વખતે આ ખર્ચ ઉપર અંકુશ મુકવા માટે પગલા લેવામાં આવ્યા છે જેના ભાગરુપે જ ફરિયાદો થઈ હોવા છતાં એલટીસીજી ઉપર કોઈ ફેરવિચારણા કરવામાં આવશે નહીં. એલટીસીજી ટેક્સ લાગૂ કરવામાં આવ્યા બાદ શેરબજારમાં બ્લેક ફ્રાઈડેની સ્થિતિ રહી હતી. અધિકારીઓનું કહેવું છે કે, મોદી સરકાર પ્રથમ બજેટના દિવસથી જ મધ્યમ વર્ગના લોકોની ચિંતાને લઈને સંવેદનશીલ છે પરંતુ સાથે સાથે ખેડૂત અને ગ્રામ્ય વિસ્તારો ઉપર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

**લોંગ ટર્મ કેપિટલ ગેઇન ટેક્સ લાગૂ કરવાની દરખાસ્ત પર વિચારણા કરવાના ઇન્કારથી નારાજગી વધવાના સંકેત**

## પુણે-મુંબઈ રાજમાર્ગ પર ગંભીર અકસ્માત : પાંચના મોત

**એસયુવી-ટેમ્પો ધડાકા સાથે ટકરાયા : મૃત્યુ પામેલામાં ચાર મહિલાનો સમાવેશ : ઘાયલ થયેલા ત્રણ અન્ય લોકોને સારવાર માટે ખસેડાયા**

પુણે, તા. ૪

જુના પુણે-મુંબઈ રાજમાર્ગ ઉપર ખંડાલા અને લોનાવાલા વચ્ચે એસયુવી અને ટેમ્પો વચ્ચે ટક્કર થતાં ચાર મહિલા સહિત પાંચ લોકોના કરુણ મોત થયા છે. અન્ય ત્રણ લોકો ઘાયલ થયા છે. લોનાવાલા પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, આ દુર્ઘટના મોડી રાત્રે થઈ હતી તે વખતે ખંડાલા તરફથી જઈ રહેલી એસયુવી ગાડી ટેમ્પો સાથે અથડાઈ ગઈ હતી જેમાં ચાર મહિલા સહિત પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા. અન્ય ત્રણ લોકો ઘાયલ થયા હતા. તેમણે કહ્યું હતું કે, ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં દાખળ કરવામાં આવ્યા હતા. આ ઘટનામાં તપાસ કરવામાં આવી રહી છે. ૨૭મી જાન્યુઆરીના દિવસે મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં એક મોટી દુર્ઘટના થઈ હતી. શ્રદ્ધાળુઓને લઈને જઈ રહેલી ૧૭ લોકોની બસ નદીમાં પડી જતાં ૧૩ લોકોના મોત થયા હતા. બીજી બાજુ ઘટનાસ્થળે પહોંચેલી ટીમ બચાવ અને રાહત કામગીરીમાં લાગી ગઈ છે. ઘટના સ્થળ પર સ્થાનિક લોકો પણ પહોંચી ગયા હતા. ઈજાગ્રસ્ત થયેલા લોકોને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ બનાવ પશ્ચિમ મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં શિવાજી પુલ બન્યો હતો. એમ કહેવામાં આવી રહ્યું છે કે, બસમાં મુસાફરી કરી રહેલા તમામ શ્રદ્ધાળુ ભગવાન ગણેશની પૂજા કરીને પરત ફરી રહ્યા હતા.







